તમે જે અને જેટલું આજે કરી શકો તે અત્યારે જ કરો કાલ પર કદી ય મૂલત્વી રાખશો નહીં
- જેમ્સ મિચનર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૦ | ૧ મે, ૨૦૧૩, બુધવાર; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્ય વહીવટીતંત્રમાં ધરખમ ફેરફાર

## રાજ્યના ૨૭ ઉચ્ચ સનદી અધિકારીઓની બદલીના હુકમ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય સરકારે આજે ચાર સિનીયર સનદી અધિકારીઓને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપી ૨૭ જેટલા અધિકારીઓની બદલીના હૂકમો કર્યા છે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે બદલીના કરેલા હુકમની સાથે સાથે છ સનદી અધિકારીઓને વધારાના ચાર્જ આપવાના પણ હુકમો કર્યા છે.

જે અધિકારીઓને બઢતી આપવામાં આવી છે તેમાં ૧૯૭૭ની બેચના શ્રી રાધાકાન્ત ત્રિપાઠીને અધિક મુખ્ય સચિવ પદે બઢતી આપી મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનમાં મુકવામાં આવ્યા છે. તો રાજેશ કિશોરને અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપી આરોગ્ય વિભાગમાં જ ચાલુ રાખવામાં આવ્યા છે. મહેશ્વર શાહુને ઉદ્યોગ વિભાગમાં તેમજ એચ.કે. દાસને પણ વન અને પર્યાવરણ વિભાગમાં અધિક મુખ્ય સચિવ તરીકે બઢતી આપી તે જ જગ્યા પર ચાલુ રાખવામાં આવ્યા છે.

જે છ અધિકારીઓને વધારાના ચાર્જ આપવામાં આવ્યા છે તેમાં માહિતી વિભાગના અગ્ર સચિવ તરીકે શ્રી જી.સી. મુર્મુ, માહિતી કમિશનર તરીકે શ્રી ભાગ્યેશ જહા, શ્રી એ.એમ. તિવારીને કમિશનર શિક્ષણ તેમજ કમલ દયાનીને ઈન્ડેક્ષ બી અને રાજીવકુમાર ગુપ્તાનો જી.એન.એફ.સી.ના મેને. ડિરેક્ટર તરીકેનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યા છે.


આજે બદલીના કરાયેલા હુકમોમાં વડોદરા અને ભાવનગર મહાનગરપાલિકાના કમિશનરોની બદલી ઉપરાંત કેટલાક મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જેમાં આદિજાતિ વિભાગના સચિવ તરીકે શ્રી ભાગ્યેશ જહાનો વધારાના હવાલામાંથી મુક્ત કરીને અરવિંદ અગ્રવાલની નિમણુંક કરવામાં આવી છે. શ્રી પંકજકુમારને મેરીટાઈમ બોર્ડમાંથી બદલીને સ્પીપામાં મુકવામાં આવ્યા છે.


શહેરી વિકાસ વિભાગના સચિવ તરીકે શ્રી અલોરિયાની નિમણુંક કરવામાં આવી છે. ભાવનગરના કમિશનર શ્રી એ. એલ. પટેલને શ્રમ આયુક્ત બનાવવામાં આવ્યા છે. વિનય વ્યાસાને નાગરિક પુરવઠા નિગમમાં મુકવામાં આવ્યા છે. ગાંધીનગરના પૂર્વ કલેક્ટર શ્રી હૈદરને વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકીમાં મુકવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણ કમિશનર જયંતિ રવિને તકનીકી શિક્ષણમાં મુકવામાં આવ્યા છે.

### પાંચ સનદી અધિકારીઓને વધારાના હવાલા

| ક્રમ | નામ | વર્તમાન કાર્યક્ષેત્ર | વધારાનો હવાલો |
|---|---|---|---|
| ૧. | ડૉ. રાજીવ ગુપ્તા | પ્રિન્સીપલ સેક્રેટરી રોજગાર વિભાગ, ગાંધીનગર. | મેનેજિંગ ડાયરેક્ટ જી.એન.એફ.સી |
| ૨. | જી.સી. મર્મુ | એડી. પ્રિન્સીપલ સેક્રેટરી-ટુ ચીફ મીનીસ્ટર, સચિવાલય | પ્રિન્સીપલ સેક્રેટરી માહિતી અને પ્રસારણ વિભાગ |
| ૩. | ભાગ્યેશ જહા | સેક્રેટરી, યુવા રમત ગમત અને સાંસ્કૃતિક વિભાગ | કમિશનર માહિતી અને પ્રસારણ વિભાગ |
| ૪. | એ.કે. રાકેશ | વિકાસ કમિશનર, ગાંધીનગર | વાઈસ ચેરમેન તથા સીઈઓ ગુજરાત મેરીટાઈમ બોર્ડ |
| ૫. | કમલકુમાર દાયાણી | ઉદ્યોગ કમિશનર, ગાંધીનગર | મેનેજિંગ ડાયરેક્ટર, ઈન્ડેક્ષ-બી. |







(તસવીર : દિપક જાની)

જય જય ગરવી ગુજરાત - આજે ગુજરાતનો સ્થાપના દિવસ, ગુજરાત ગૌરવ દિવસ, રાજ્ય સરકાર દ્વારા ધામધૂમથી સ્થાપના દિનની ઉજવણી કરાશે. શૈક્ષણિક, સામાજિક, સ્વેચ્છિક સંસ્થાઓ પણ ઉજવણીમાં જોડાશે. ગાંધીનગર સચિવાલય વિધાનસભાને રોશનીથી શણગારાયા છે... મોડી સાંજે રોશનીનો ઝગમગાટ જોવા નગરજનો મોટી સંખ્યામાં ઉમટે છે. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મુખ્ય વહીવટી સંકુલ ભવ્યાતી ભવ્ય રોશનીથી ઝગમગે છે... આ ઉપરાંત ઉદ્યોગ ભવન, ટાઉન હૉલ, સ્વર્ણિમ પાર્કમાં પણ નયનરમ્ય રોશની નિહાળવા વેકેશન માણતા બાળકોને મજા પડી ગઈ છે... આવો સાથે મળી ગુજરાતના વિકાસ માટે ને અંતરમનથી શપથ લઈએ ગુજરાતનો ગૌરવ દિવસ ગરિમાપૂર્ણ રીતે ઉજવણીએ....

# પૂર્વમંત્રી ફકીરભાઈ વાઘેલાનું હૃદયરોગના હુમલામાં નિધન

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત પૂર્વ મંત્રી, ભાજપના સીનીયર આગેવાન અને દલિત નેતા ફકીરભાઈ વાઘેલાનું હૃદયરોગનો હુમલાને કારણે નિધન થયુ હતુ.





ગુજરાતના પૂર્વમંત્રી ફકીરભાઈ વાઘેલા છેલ્લા કેટલાક સમયથી બિમાર હતાં પરંતુ આજે તેઓ પર હૃદયરોગનો જુવલેણ હુમલો આવતા મોડી સાંજે ગાંધીનગર સિવિલ હોસ્પીટલ ખાતે ફકીરભાઈ વાઘેલાનું અવસાન થયુ હતું. ભાજપના સીનીયર આગેવાન અને પૂર્વ મંત્રી ફકીરભાઈ વાઘેલાને ગાંધીનગર સિવિલ હોસ્પીટલમાં મળવા માટે રાજ્યના મંત્રીઓ નીતીન પટેલ, ભુપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના દોડી ગયા હતા, પરંતુ મોડી સાજે ફકીરભાઈ વાઘેલાનું નિધન થયુ હતુ.

પૂર્વમંત્રી ફકિરભાઈ વાઘેલાના અવસાન અંગે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિત વિરોધ પક્ષના આગેવાનો અને વિવિધ રાજકીય આગેવાનોએ અંજલિ અર્પી હતી.

# બેંક લૂંટારુને પકડવા જતાં હોમગાર્ડનું મોત

**બેંકની સાયરન વાગતા રાત્રે છાપરાઓ કુદીને ભાગી રહેલા ચોરની પાછળ બહાદુર હોમગાર્ડ પડ્યો : જીવંત વીજ વાયર સાથે ચોંટી જતાં લોહીની ઉલ્ટીઓ થવા લાગી : પોલીસવાનમાં તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયેલા જવાનને તબીબે મૃત જાહેર કર્યો : ચિલોડાની એ.ડી.સી. બેંક નિશાન હતી**





તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



ગાંધીનગર, તા. ૩૦

ચિલોડા ખાતે આવેલી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો ઓપરેટીવ બેંક (એડીસી બેંક)ની મુખ્ય શાખાને નિશાન બનાવી ચોર શખ્સ બેંકના ધાબે ચઢી ગયો હતો. અચાનક બેંકની સાયરન સિક્યુરીટી સિસ્ટમ ધણધણી ઉઠતા પોલીસ ટીમ હોમગાર્ડના જવાનો સાથે પળવારમાં જ આવી પહોંચી હતી. બેંકના છત પરથી કુદકો લગાવીને એક પછી એક છાપરાઓ કુદી રહેલા શખ્સને ભાગતા જોઈ ગયેલા એક હોમગાર્ડ જવાને પોતાની પરવા કર્યા સિવાય બહાદુરીપૂર્વક તેની પાછળ દોટ મુકી હતી. ચોરની પાછળ જ છાપરાઓ કુદી કુદીને પીછો કરનાર હોમગાર્ડે ચોરને પકડી પણ પાડ્યો પરંતુ ત્યાં છત પરથી પસાર [illegible] વિજવાયરને હાથ અડકી જતાં ચોર છુટીને નાસી ગયો હતો. જ્યારે હોમગાર્ડ વિજવાયર સાથે ચોંટી જતાં લોહીની ઉલ્ટીઓ શરૂ થઈ ગઈ હતી. રાત્રે સાડાબાર વાગ્યાની આ ઘટના હતી. પોલીસવાનમાં તેને ગંભીર સ્થિતિમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતાં હોમગાર્ડ સહીત પોલીસ બેડામાં અને પાલજ ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અને તે ચોરને શોધી કાઢવા પણ ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર નજીક આવેલા નવા પાલજ ગામમાં રહેતા ૪૫ વર્ષિય વિક્રમસિંહ રઘુસિંહ બિહોલા હોમગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા અને સાથોસાથ રિક્ષા પાર્ટ ટાઈમ ચલાવીને પરીવારનું ગુજરાતન ચલાવતા હતા. પાંચ બહેનોના એકના એક ભાઈ, કુટુંબના મોભી એવા વિક્રમસિંહને બે દિકરા અને એક દીકરી છે. ગઈકાલે રાત્રે હોમગાર્ડ વિક્રમસિંહ ડ્યુટી પર હતા તે દરમ્યાને સાડા બાર વાગ્યાના અરસામાં ચિલોડાની એડીસી બેંક (મુખ્ય શાખા)માં એકાએક સાયરન વાગતા હિંમતપૂર્વક જવાન વિક્રમસિંહ ત્યાં પહોંચી ગયા હતા. બેંકની ઉપરના ભાગે જોયું તો બેંક લુંટવા આવેલો શખ્સ છત પરથી ભાગી રહ્યો હતો. વિક્રમસિંહે બહાદુરીપૂર્વક તેનો પીછો કર્યો અને છાપરાઓ કુદી કુદીને તેને પકડી પાડ્યો હતો. તે જ અરસામાં ત્યાં ઉપરથી પસાર થઈ રહેલા જીવંત


● અનુસંધાન પાન-૭ પર


### જોગાનુજોગ બેંકના ગેટ પાસેથી ગરોડી નીકળીને સાયરન વાગી ગઈ..!

બેંકને લુંટવા આવેલો શખ્સ બેંકના ધાબે પહોંચ્યો અને બેંકમાં દરવાજા તોડફોડ કરે તે પહેલા જ જોગાનુજોગ એવું બન્યું કે ત્યાંથી ગરોડી પસાર થઈ અને સિક્યુરીટી સિસ્ટમનું એલાર્મ ધણધણી ઉઠ્યું હતું જેથી ચોર તેની મેલી મુરાદ પુરી કરે તે પહેલા જ ભાગવાનો વારો આવ્યો હતો.

### જે બેંકમાંથી આખી તિજોરી લુંટાઈ ગઈ હતી તેની મુખ્ય શાખા ચોરના નિશાનમાં...!

થોડા સમય અગાઉ જ રોકડ ભરેલી આખેઆખી તિજોરી લવારપુર એડીસી બેંકમાંથી લુંટાઈ ગઈ હતી તેના આરોપીઓ હજુ હાથ લાગ્યા નથી. ત્યાં હવે એડીસી બેંકની મુખ્ય શાખા ચિલોડાને ચોરે નિશાન બનાવતા ચકચાર મચી જવા પામી છે. જો કે બહાદુર હોમગાર્ડ જવાન અને બેંકની એલાર્મ સિક્યુરીટી સિસ્ટમથી ચોરનો ફેરો ફોગટ ગયો હતો.

# કૃષિ મહોત્સવ દરમિયાન મુખ્યમંત્રી ખેડૂતો સાથે સીધી વાત રોજ કરશે

## જિલ્લામાં છ કૃષિરથ ભ્રમણ કરશે; વિદ્યાર્થીઓ માટે ખાસ નિબંધ સ્પર્ધાનું પણ આયોજન

ગાંધીનગર, તા.૩૦

રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી કૃષિ મહોત્સવ દરમિયાન ખેડૂતો સાથે રોજ અર્ધા કલાક સુધી સીધી વાતચીત કરશે.

રાજયમાં ૧૪મી મેથી શરૂ થઈ રહેલા કૃષિ મહોત્સવના આયોજનને આખરીરૂપ આપવામાં આવી રહ્યું છે. જિલ્લામાં ૯૦ ગામોમાં આ કૃષિ મહોત્સવની ઉજવણી થનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કૃષિ મહોત્સવ દરમિયાન નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવનાર છે. કૃષિ મહોત્સવની ઉજવણી ૧૫ જ દિવસ દરમિયાન થનાર હોઈ જિલ્લામાં આ વખતે છ કૃષિરથ બનાવવામાં આવશે. આ રથ માટેના રૂટ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

રાજયમાં કૃષિ ક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ્ય કક્ષાએ આધુનિક ઓજારો, કૃષિ પધ્ધતિઓ, જળ સંચય અને વીજળી સંચયના કાર્યક્રમો ખેડુતો સુધી પહોંચે તે માટે રાજય સરકારનો આગવો અભિગમ રહ્યો છે. વર્ષ-૨૦૦૫થી સમગ્ર રાજયમાં કૃષિ મહોત્સવ થકી કૃષિ લક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી કૃષિ સહાય, વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.ચાલુ વર્ષ સમગ્ર રાજયમાં નવમાં કૃષિ મહોત્સવનો -રંભ તા. ૧૪મી મે, ૨૦૧૩ ના રોજ થનાર છે. નવમો કૃષિ મહોત્સવ ૧૮ દિવસનો રહેશે. આ કૃષિ મહોત્સવ તા.૩૧મી મે, ૨૦૧૩ના રોજ પૂર્ણ થશે.જિલ્લામાં કૃષિ મહોત્સવના સુઆયોજન માટે આ રોજ જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીશ્રીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટે કૃષિ મહોત્સવ, ૨૦૧૩ વધુ લોકભોગ્ય બને, વધુ ખેડુતો અને ખાસ કરીને મહિલાઓ ભાગ લે તેવું સુચારું આયોજન કરવા પર ખાસ ભાર મુક્યો હતો.

કૃષિ મહોત્સવ- ૨૦૧૩ની માહિતી આપતાં જિલ્લા ખેતી અધિકારી શ્રી કે. કે. પટેલે જણાવ્યું હતું કે, આ કૃષિ મહોત્સવમાં કૃષિ વિકાસની આધુનિક તકનીક, વૈજ્ઞાનિક કૃષિ પધ્ધતિઓ, જમીન સુધારણા, જળ સંચય, ગ્રામ વિકાસના કાર્યક્રમોને આવરી લેવામાં આવનાર છે. તે ઉપરાંત યાંત્રિક સાધનોની ખરીદીમાં કૃષિ મહોત્સવમાં ભાગ લેનાર ખેડૂતોને ખાસ વળતર મળે તે વ્યવસ્થા કરવામાં આવી છે. સખી મંડળની રચના અંગેની માહિતી આપવામાં આવશે. કૃપોષણ વિષે લોક જાગૃતિ કેળવાય તેવા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવનાર છે. તેમજ ખેડૂતોને તાજેતરમાં અમલી બનેલ સિંચાઈ અંગેના કાયદાની વિસ્તૃત માહિતી પણ આપવામાં આવનાર છે. એ.પી.એમ.સી દ્વારા ખેડૂત શિબિરોનું પણ આયોજન કરવામાં આવનાર છે. ગ્રામ સુશોભન-વિદ્યાર્થીઓ માટે નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવનાર છે. તેની સાથે સાથે કૃષિ સંલગ્ન યોજનાઓ અને અન્ય રાજય સરકારની યોજનાઓની માહિતી આપતું નાટક રજૂ કરવામાં આવશે.

# આજે સ્વર્ણિમ પાર્કમાં સંધ્યા સૂરમય બનશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં સ્થાપના દિનની ઉજવણીના પ્રારંભ પૂર્વે એરફોર્સનું બેન્ડ સ્વર્ણીમ પાર્કમાં સંગીતના સૂર રેલાવશે.

ગાંધીનગર શહેરમાં સ્થાપના દિનની ઉજવણી અંગેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જે તેના અંતિમ તબક્કામાં છે. આ ઉજવણીમાં ૩૮ જેટલા પ્લાટૂન અને ૮ જેટલા બેન્ડ જોડાશે.

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના ૫૩મા સ્થાપના દિવસની ઉજવણીના અવસરે ગુજરાત ગૌરવ દિવસ- ૨૦૧૩ના સમારોહનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમારોહમાં યોજાનાર પરેડની સલામી નાણાં, આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર અને ગાંધીનગર જિલ્લા -ભારી મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ લેશે. તેમજ એરફોર્સનું બેન્ડ પોતાની સૂરાવલી રેલાવશે તેવું આજરોજ જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું.

આજરોજ ગાંધીનગર જિલ્લા સેવા સદનના વિડીયો કોન્ફરન્સ હોલમાં પત્રકારો સાથે ગુજરાત ગૌરવ દિવસ- ૨૦૧૩ના સમારોહની માહિતી આપતાં જિલ્લા કલેકટર શ્રી બી. જે. ભટ્ટે વધુમાં જણાવ્યું હતું કે, આ સમારોહ નગરજનોના માનસપટ પર છવાઈ જાય તેવો હશે. આ -સંગે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજય મંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલ અને કાયદો અને ન્યાયતંત્રના મંત્રી શ્રી -દિપસિંહ જાડેજા ઉપસ્થિત રહેનાર છે.

આ સમારોહના -રંભે બોર્ડર સિક્યુરીટી ફોર્સ, બોર્ડર સિક્યુરીટી ફોર્સનું બેન્ડ, ચેતક કમાન્ડો યુનિટ- ૪, રાજય અનામત પોલીસ દળ જુથ- ૨, ૩, ૧૨ અને જૂથ - ૧૨નું પોલીસ બેન્ડ, ગાંધીનગર, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લા પોલીસની પુરૂષ પ્લાન્ટુસ, પોલીસ બેન્ડ રાજય અનામત પોલીસ દળ જુથ- ૨, સૈજપુર અમદાવાદ, ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા જિલ્લા પોલીસ મહિલા પ્લાન્ટુસ, વન વિભાગ ડુંગરાડા તાલીમ કેન્દ્ર ડાંગ-આહવાનું પુરૂષ પ્લાન્ટુસ, હોમગાર્ડ પુરૂષ ગાંધીનગર પ્લાન્ટુસ, અમદાવાદ શહેર મહિલા હોમગાર્ડ પ્લાન્ટુસ, ગાંધીનગર જી.આઈ.એસ.એફ પુરૂષ પ્લાન્ટુસ, અને અમદાવાદ શહેર માઉન્ટેડ પ્લાન્ટુસ, શ્રી સ્વામિનારાયણ


● અનુસંધાન પાન-૭ પર